PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/કવા–૦૨/૧૭–૧૮/ ૪૪૫૧ તા. 11.10.17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
આલ્ફા પેકેજીગ,
સર્વે નંબર : ૨૫૭, કેપ્ટન ટેકનોકાસ્ટ ની નજીક
જૈન સ્ટીલ મેઈન રોડ,
શાપર (વેરાવળ)
રાજકોટ–૩૬૦૦૨૪
મો: ૯૭૨૫૧ ૫૧૮૧૨

**વિષય :–**નામ બદલી બાબત
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૮–૧૭ (અત્રે ના ફોરમ
ની નોધણી નંબર :૫૮/કવા–૦૨/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ., આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૮/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીગ: તા. ૧૦–૧૦–૧૭ | સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: આલ્ફા પેકેજીગ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: આલ્ફા પેકેજીગ ના પાર્ટનર ચંદ્રેશભાઈ સવસાણી હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

## : હુકમ :

ફરીયાદ : નામ બદલી બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ વીજજોડાણ ચેતન વલ્લભભાઈ કાનાબાર ના નામથી ધરાવે છે. ગ્રાહક શ્રી એ, સદર વીજજોડાણ નુ નામ બદલી આલ્ફા પેકેજીગ ના નામે કરવાની અરજી કરતા, શાપર – વેરાવળ પેટા વિભાગીય કચેરી તરફથી તા.૧૫–૦૫–૧૭ મુજબ ભાવપત્રક રૂ.૩૫,૪૩૭/– મળેલ, જે અમોએ તા.૧૪–૦૬–૧૭ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, ચેતન વલ્લભભાઈ કાનાબાર ના નામનો ઈલેકટ્રોસ્ટેટીક ડિવાઈસ દ્રારા થતી વીજચોરી અંગે નો કેઈસ મા ફકત કમ્પાઉન્ડીગ ચાર્જ ભરપાઈ કરવાનો બાકી હોય, નામ બદલી ની અરજી ની કાર્યવાહી કરેલ નથી . આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, સદર ફરીયાદી અરજદાર શ્રી આલ્ફા પેકેજીગે તા.૨૪–૦૪–૧૭ ના રોજ ગ્રાહક નં.૮૧૯૦૧/૦૧૬૬૩/૩ મા ચેતન વલ્લભભાઈ કાનાબાર થી આલ્ફા પેકેજીગ ના નામે નામ બદલી કરવા સબબ ની સબંધક કચેરી મા અરજી કરેલ હતી. જે પીજીવીસીએલ ની વિભાગીય કચેરી દ્રારા તા.૦૮–૦૫–૧૭ થી નામ બદલી ની મંજુરી અપાયેલ. |
| ૨.૨ | ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, સદર વીજ જોડાણ અંગે જુના ગ્રાહક શ્રી ચેતન વલ્લભભાઈ કાનાબાર ના નામે ઈલેકટ્રોસ્ટેટીક ડિવાઈસ દ્રારા થતી વીજચોરી અંગે એફઆરઆઈ નં: ૧૧૭૬/૨૦૧૦ નો ફોજદારી કેઈસ ચાલુ છે. તે પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી ને ધ્યાને આવતા, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ – ગાંધીનગર ના પત્ર ક્રમાંક નં.: પીજીવી/૨૦૧૭/૫૮૮/૬૧ તા.૧૯–૦૪–૧૭ મુજબ, સદર કેઈસ મા – ઈલેકટ્રોસ્ટેટીક ડિવાઈસ દ્રારા કરવામા આવતી વીજચોરીના કિસ્સામાં – જુના અરજદાર ચેતન વલ્લભભાઈ કાનાબારે કમ્પાઉન્ડીગ ચાર્જ ભરપાઈ કરેલ ન હોય, તે બાબત ની જાણકારી, તેમજ કમ્પાઉન્ડીગ ચાર્જ ભરપાઈ કરવા માટે ની અરજદાર ને પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્રારા તા.૨૨–૦૬–૧૭ થી પત્ર દ્રારા જાણકારી અપાયેલ. તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, જીઈઆરસી ના સપ્લાય કોડ – નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૬ મા કરાયેલ જોગવાઈ ને આનુષાંગીક – ''Where the applicant has purchased or intends to purchase an existing property whose electricity connection has been disconnected, it shall be the applicant's duty to verify that the previous owner has paid all dues to the licensee and obtained a "no-dues certificate" from him. In case such "no-dues certificate" has not been obtained by the previous owner before change in ownership of property, the new owner may approach the licensee with details of previous connection for availing such a certificate. The licensee shall acknowledge receipt of such request and shall either intimate in writing the dues outstanding on the premises if any, or issue a "no-dues certificate" within 1 month from date of receipt of |

| | |
|---|---|
| | such application.'' અને મુદદા નં.૪.૩૦ મુજબ ની વિગતે ''An application for new connection, recon nection. addition or reduction of load, change of name or shifting of service line for any premise need not be entertained unless any dues relating to that premises or any dues of the applicant to the Distribution Licensee in respect of any other service connection held in his name anywhere in the jurisdiction of the Distribution Licensee have been cleared. ......'' આમ, સદર કેઈસ મા, જુના ગ્રાહક ચેતન વલ્લભભાઈ કાનાબાર સામે ફોજદારી કેઈસ ચાલુ હોય અને કમ્પાઉન્ડ ચાર્જ ની રકમ લેણી થતી હોય, સદર પીજીવીસીએલ ની કચેરી દ્વારા નામ બદલી કરાયેલ નથી. જે નિયમાધીન રીતે યોગ્ય છે. |

**મુદદા નં.—૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે,સદર ફરીયાદી અરજદાર શ્રી આલ્ફા પેકેજીગે તા.૨૪–૦૪–૧૭ ના રોજ ગ્રાહક નં.૮૧૯૦૧/૦૧૬૬૩/૩ મા ચેતન વલ્લભભાઈ કાનાબાર થી આલ્ફા પેકેજીગ ના નામે નામ બદલી કરવા સબબ – જીઈઆરસી ના સ્પ્લાય કોડ – નોટીફિકેશન નં.: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૬ અને ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ ને આનુષાંગીક – જુના અરજદાર ચેતન વલ્લભભાઈ કાનાબારે કમ્પાઉન્ડીગ ચાર્જ ભરપાઈ કરેલ ન હોય, જેથી નામ બદલી ની કાર્યવાહી પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા કરાયેલ નથી. પીજીવીસીએલ ની કચેરી મા – બાકી લેણી કમ્પાઉન્ડીગ ચાર્જ ની રકમ ભરપાઈ થયા બાદ, તેમજ અરજદાર શ્રી દ્વારા સબંધક પીજીવીસીએલ ની કચેરી માથી – લેણી રકમ બાબત નુ ના–વાંધાજનક પ્રમાણપત્ર રજુ થયે, આગળ ની કાર્યવાહી પીજીવીસીએલ ના નિયમ મુજબ કરવી. તેમ – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.—૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિધુત લોકપાલ ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.